# F1 ૧.૪.૧. જૈન દર્શનવિધિ અને પૂજાવિધિ (પૂજાવિધિના પ્રકારો)

૧) "સૂતા સાત ઊઠતા આઠ" – આઠ કર્મોનો નાશ કરવાના હેતુથી આઠ નવકાર ગણવા. અંજલી બાંધતા (ખોબો) સમયે બન્ને અંગૂઠા સામ–સામે હોય અને બાકીની આંગળીઓ એક ઉપર એક ફસાવવી અને જમણા હાથની આંગળીઓ ઉપર રાખવી.

૨) હાથ ખોલીને સિદ્ધશિલા પર બેઠેલા ૨૪ તીર્થંકરો અને અનંત સિદ્ધોને વંદન કરવાં.

૩) પછી જે બાજુ શ્વાસ ચાલે છે તે જ બાજુનો પગ પથારીમાંથી બહાર કાઢવો. (અથવા પલંગ પરથી નીચે મુકવો)

૪) શ્વાસને અનુસરીને પગ બહાર કાઢી ફક્ત દર્શન માટે જ જવું. શાક–ભાજીની થેલી કે દૂધ લેવાના હેતુ સાથે દર્શનનો પૂરો લાભ થતો નથી.

૫) જિનાલયની ધજા દેખાતા જ 'નમો જીણાણં' બોલવું.

૬) ખાવા–પીવાની કોઈ પણ વસ્તુ કે પાન–મસાલા,ગુટખા વગેરે ખીસ્સામાં હોય તો દેરાસરની બહાર મૂકી દેવાં જોઈએ.

૭) પુરૂષ પોતાની ડાબી બાજુ અને સ્રીઓએ પોતાની જમણી બાજુએથી ત્રણ વખત 'નિસીહિ' બોલતા જિનાલયમાં પ્રવેશ કરવો જોઈએ.

૮) પ્રભુને જોતા જ 'નમો જિણાણં' બોલવું.

૯) પુરૂષો બદામના આકારનો શિખર તિલક કરવો અને સ્ત્રીએ સૌભાગ્ય સૂચક ગોળ તિલક કરવો, 'પ્રભુની આજ્ઞા મારા મસ્તક પર' એવો ભાવ રહેલો છે.

૧૦) પોતાની જમણી બાજુથી પ્રદક્ષિણાની શરૂઆત કરવી જોઈએ, અને ત્રણ પ્રદક્ષિણા ફર્યા પછી

૧૧) 'નિસીહિ' બોલીને પ્રભુ સન્મુખ પુરૂષો પોતાની જમણી બાજુ અને સ્રીઓ પોતાની ડાબી બાજુ ઊભી રહે.

૧૨) 'દર્શનં દેવ દેવસ્ય...' આદિ સ્તુતિઓ ધીમા સ્વરે ગાઈને ધૂપ–દીપ–સ્વ. દ્રવ્ય ના હોય તો નવા પ્રગટાવવા નહિતો પહેલાથી જ પ્રગટેલા હોય તેનાથી ધૂપ પૂજા કરવી

૧૩) ચામર ઢોળવા પૂર્વક નૃત્યપૂજા કરવી.

૧૪) અખંડ ચોખાથી સાથિયો કરીને તેના ઉપર ત્રણ ઢગલી કરી ને પછી સિદ્ધશીલા બનાવવી.

૧૫) સિદ્ધશીલા પર ફ્રૂટ કે બદામ મૂકવા.

૧૬) ચોખા વગેરેને પંખી વગેરે ખાય તો દેવદ્રવ્યનાશની ઉપેક્ષા થયોનો દોષ લાગેછે. આ પાપથી બચવા ચોખા વગેરેને એક થાળી અથવા ડબ્બામાં વ્યવસ્થિત મુકવા.

## પૂજા એટલે શું ?

**પૂજાઃ–**

પૂજાનો મતલબ છે સમર્પણ. પરમાત્મા માત્ર દર્શનીય નથી. પ્રભુ તો પૂજનીય પણ છે. પૂજનીય પરમાત્માના માત્ર દર્શન કરીને સંતોષ માનવો એ પણ એક આશાતના છે.

### પ્રભુની ત્રિકાળ પૂજા કેવી રીતે કરી શકાય?

ત્રિકાળ જિનપૂજાનો સમય

૧) સવારે પૂજા સૂર્યોદય પછી કરવી.

૨) બપોરે પૂજા દિવસના મધ્યભાગે કરવી.

૩) સાંજે પૂજા સૂર્યાસ્ત પહેલા કરવી

પ્રાતઃકાળની પૂજા

સર્વપ્રથમ પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપવી. ભગવાનની સમક્ષ સ્તુતિ કરવી. સુગંધિ દ્રવ્યોથી પ્રભુની વાસક્ષેપ પૂજા કરવી પછી ધૂપ પૂજા, દિપક પૂજા કરીને ચૈત્યવંદન કરવું. અને યથાશક્તિ પચ્ચક્ખાણ ગ્રહણ કરવું.

jainuniversity.org

મધ્યાહ્ન કાળની પૂજા

દિવસના મધ્યાહ્ન સમયે જમ્યા પહેલા શ્રાવક જયણા આદિ પાળવા સાથે વિધિપૂર્વક સ્નાન કરીને પૂજાના દ્રવ્યો ગ્રહણ કરીને જિનાલયે આવીને અષ્ટપ્રકારી જિનપૂજા કરવી.

સાંયકાળની પૂજા

સૂર્યાસ્તને બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહે તે પહેલા ભોજન–પાણી પતાવી દીધા પછી જિનાલયે આવીને પ્રણામ કરી, પ્રદક્ષિણા દઈને, સ્તુતિ કરીને ધૂપ–દીપ કરીને તે પછી ચૈતન્યવંદન કરી, પચ્ચક્ખાણ કરીને પૌષધશાળાએ જઈ દેવસિ પ્રતિક્રમણ આચરવું.

ત્રણ પ્રકારની પૂજા પૂજાત્રિક:

jainuniversity.org

૧) અંગપૂજા :– પરમાત્માની પ્રતિમાની ઉપર જે પૂજા કરવામાં આવે તેને અંગપૂજા કહેવાય છે. દા.ત. જલપૂજા, ચંદનપૂજા, પુષ્પપૂજા. આ પૂજાને વિઘ્નોપશામિની કહેવાય છે, જે જીવનમાં આવતાં વિઘ્નોનો નાશ કરનારી અને મહાફળને આપનારી છે. વૈરાગ્ય કલ્પલતા ગ્રંથમાં આ પૂજાને સમન્તભદ્રા નામથી સંબોધીને અદ્ભુત ચિત્તપ્રસન્નતા આપનારી જણાવેલ છે.

૨) અગ્રપૂજા:– પરમાત્માની આગળ ઉભા રહીને જે પૂજા કરવામાં આવે છે, તેને અગ્રપૂજા કહેવાય છે દા.ત. ધૂપપૂજા, દિપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા. આ પૂજાને અભ્યુદયકારિણી કહેવાય છે. પૂજકનાં જીવનમાં આવતાં વિઘ્નોનો વિનાશ કરી, મોક્ષમાર્ગની સાધનામાં સહાયક એવો ભૌતિક અભ્યુદય આ પૂજા દ્વારા પ્રાપ્ત થાય છે. આ પૂજાને વૈરાગ્ય કલ્પલતામાં સર્વભદ્રા નામથી સંબોધવામાં આવી છે.

૩) ભાવપૂજા:– પરમાત્મા સામે કરાતાં સ્તુતિ, સ્તોત્ર, સ્તવન, ચૈત્યવંદન, ગીત, ગાન–નૃત્ય આદિને ભાવપૂજા કહેવાય છે. આ પૂજાને નિવૃત્તિકારિણી કહેવાય છે. ઉપરની બે પૂજાઓ દ્વારા વિઘ્નોનો નાશ તેમજ ભવપરંપરામાં સદા માટે અભ્યુદયની પ્રાપ્તિ થાય છે. અને અંતે આ પૂજા વડે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. માટે તેને નિવૃતિકારિણી કહેવાય છે. વૈરાગ્ય કલ્પલતામાં આ પૂજાને સર્વ સિદ્ધિફલા નામથી સંબોધી છે.

सर्व ज्ञानाय भवतु

# F1૧.૪.૨. ગુરુવંદનવિધિ અને વ્યાખ્યાન કે પ્રવચનવિધિ.

## ગુરૂવંદનની વિધિ

ગુરૂ મહારાજ પાસે જઈ, બે હાથ જોડીને 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ' આ ખમાસમણ બે વાર દેવા પછી ઊભા થઈને બે હાથ જોડી 'ઈચ્છકારનો પાઠ બોલવો,'

("ઈચ્છકાર સુહરાઈ (સુહદેવસિ) સુખ તપ શરીર નિરાબાધ સુખસંજમ જાત્રા નિર્વહો છોજી ? સ્વામી શાતા છે જી ? ભાત પાણીનો લાભ દેજોજી")

(જો ગુરૂ મ૦ આચાર્ય મ. ઉપાધ્યાયજી, પંન્યાસજી વગેરે પદવીધર હોય તો અહીં એક ખમાસમણ વધુ દેવું.)

પછી "ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈયં ખામેઉં, ઈચ્છં ખામેમિ રાઈયં," આદેશ માંગી જમણો હાથ જમીન પર સ્થાપી નીચેનું સૂત્ર બોલવું;

"જંકિંચિ અપત્તિઅં–પરપત્તિઅં ભત્તે પાણે વિણએ વેયાવચ્ચે આલાવે સંલાવે ઉચ્ચાસણે સમાસણે અંતરભાસાએ ઉવરિભાસાએ જંકિંચિ મજ્ઝ વિણય પરિહીણં સુહુમંવા બાયરંવા તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં."

(ઈચ્છકાર અને અબ્ભુટ્ઠિઓ સૂત્રમાં બપોરના બાર વાગ્યા સુધી રાઈયંને પછી એટલે કે બપોર ૧૨ાા વાગ્યા પછી દેવસિઅં બોલવું.)

## વ્યાખ્યાન કે પ્રવચન વિધિ

સહુ પ્રથમ ગુરૂ મહારાજ પાસે જઈ ગુરૂવંદનની વિધિથી વંદન કરીને
એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! વાયણાં સંદિસાહું ? ઈચ્છં પછી
બીજું ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! વાયણાં લેશું ? ઈચ્છં પછી
ત્રીજું ખમાસમણ દઈ ઈચ્છકારિ ભગવન્ ! પસાય કરી વાયણાં પસાય કરાવશોજી. આટલા આદેશો માંગી ઉભડક પગે (ઉત્કટ આસને) બેસી ગુરૂ મહારાજ પાઠમાં જે વ્યાખ્યાન કે પ્રવચન આપે તે બરાબર ધ્યાનપૂર્વક સાંભળવું.

વ્યાખ્યાનશ્રવણ પૂર્વે પણ આ રીતે જ ગુરુવંદન કરી ત્રણ આદેશ લેવા તેમજ વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ ફરી ગુરુવંદન કરવું.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

# F1૧.૪.૩. ચૈત્યવંદનવિધિ અને સામાયિક વિધિ.

## ચૈત્યવંદન વિધિ

૧) પ્રથમ દેરાસરમાં ભગવાનની સામે ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ. આ ત્રણ વખત બોલી ત્રણ ખમાસમણ દેવાં, પછી ડાબો ઢીંચણ ઊભો રાખવો. પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી.

૨) સકલકુશલવલ્લી કહીને નીચેનાં બેમાંથી એક ચૈત્યવંદન કહેવું.
સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્તમેઘો,
દુરિત તિમિર ભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ,
ભવજલનિધિ-પોતઃ, સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

૨ શ્રી પંચ પરમેષ્ઠીનું ચૈત્યવંદન

બાર ગુણ અરિહંત દેવ પ્રણમીજે ભાવે,
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીસ, પચવીશ ઉવજ્ઝાયઃ
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શીવસુખ થાય. ૨
અષ્ટોત્તર શત ગુણ મલીએ, એમ સમરો નવકાર,
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિતસાર. ૩

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ-બિંબાઈ, તાઈં સવ્વાઈ વંદામિ.

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં, આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં પુરિસ-સીહાણં પુરિસવરપુંડરીઆણં પુરિસવરગંધહત્થીણં. લોગુત્તમાણં, લોગનાહાણં. લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસયાણં. ધમ્મનાયગાણં, ધમ્મ-સારહીણં, ધમ્મ-વર-ચાઉરંત ચક્કવટ્ટીણં, અપ્પડિહય-વરનાણ-દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વણ્ણુણં સવ્વદરિસીણં, સિવમયલ-મરૂઅ મણંત-મક્ખય મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ-નામ-ધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં, જે અ અઈઆ સિદ્ધા. જે અ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ-અહે અ-તિરિઅલોએ અ,
સવ્વાઈ તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં
ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ-બોલી
જાવંત કેવિસાહૂ ભરહેરવય-મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં

### નમોડર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

બોલી સ્તવન અથવા ઉવસગ્ગહરં સ્તોત્ર કહેવું.

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તમારો,
સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ ! અમને શિવસુખ આપો. સેવક. ૧
સહુકોનાં મન વાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો,
એહવું બિરૂદ છે રાજ ! તમારૂં, કેમ રાખો છો દૂરે ? સેવક. ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો,
કરૂણાસાગર કેમ કહેવાશો ? જો ઉપકાર ન કરશો. સેવક. ૩
લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિસણ દીજે,
ધુંઆડે ધીજું નહિ સાહેબ, પેટ પડયા પતીજે. સેવક. ૪
શ્રી શંખેશ્વરમંડન ! સાહેબ, વિનતડી અવધારો,
કહે 'જિનહર્ષ' મયા કરી મુજને, ભવસાગરથી તારો. સેવક. ૫

## અથવા

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં, ૧
વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં, ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજઝ પણામો વિ બહુફલો હોઈ,
નર તિરિએસુ વિ જીવા પાવંતિ ન દુક્ખ દોગચ્ચં, ૩
તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં, ૪
ઈઅ સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ, ૫

(પછી બે હાથ મસ્તકે ધરી જયવીયરાય સૂત્ર આભવમખંડા સુધી કહેવું પછી બન્ને હાથ લલાટે ધરી જયવીયરાય સૂત્ર સંપૂર્ણ કહેવું.)

જયવીયરાય જગ–ગુરૂ, હોઉમમં તુહ પ્પભાવઓ ભયવં,
ભવ નિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈટ્ઠફલ સિદ્ધિ, ૧
લોગ વિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણ પૂઆ પરત્થકરણં ચ,
સુહગુરૂ જોગો તવ્વયણ, સેવણા આભવમખંડા, ૨
વારિજ્જઈ જઈ વિ નિયાણં, બંધણં વીયરાય તુહ સમએ,
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં, ૩
દુક્ખક્ખઓ, કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામ કરણેણં, ૪
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ૫

(પછી ઉભા થઈને નીચે આપેલ અરિહંત ચેઈયાણં અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.)

jainuniversity.org
સર્વે જ્ઞાનાય ભવતુ

અરિહંત ચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરૂવસગ્ગવત્તિયાએ, સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં. અન્નત્થ ઊસસિએણં નીસસિએણં ખાસિએણં. છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં. ભમલીએ પિત્તમુચ્છાએ સુહુમેહિં. અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં, એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં, ઠાણેણં મોણેણં ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

(પછી કાઉસ્સગ્ગ પારીને 'નમોડર્હત્' કહીને નીચેની થોય કહેવી.)

શંખેશ્વર પાસજી પૂજિયે, નરભવનો લાહો લીજિયે,
મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરૂ.

પછી ખમાસમણ દેવું. અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડમ્ બોલવું.

jainuniversity.org

# સામાયિક લેવાની વિધિ

## સામાયિકમાં જોઈતાં ઉપકરણો

શુદ્ધ વસ્ત્ર, કટાસણું, મુહપત્તી, ચરવલો, સાપડો, વિધિનું કે વાંચનનું પુસ્તક નવકારવાળી ઘડી કે ઘડીયાળ.

શુદ્ધ વસ્ત્ર પહેરી-ચરવલાથી જગ્યા પૂંજી ટેબલ પર સ્થાપનાચાર્ય અથવા સાપડા પર પુસ્તક પધરાવવું. સ્થાપનાચાર્ય ન હોય અને પુસ્તકને સ્થાપવાનું હોય તો મુહપત્તી ડાબા હાથમાં રાખી જમણો હાથ સ્થાપનાચાર્ય સન્મુખ રાખી નવકાર પંચિંદિયથી સ્થાપના કરવી.

"નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચણમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

પંચિંદિય સંવરણો, તહ નવવિહ બંભચેર ગુત્તિધરો,
ચઉવિહ કસાય મુક્કો, ઈઅ અટ્ઠારસ ગુણેહિં સંજુતો. ૧
પંચ મહવ્વય જુતો, પંચવિહાયાર પાલણ સમત્થો,
પંચ સમિઓ તિગુતો, છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ. ૨

સર્વજ્ઞાનાય ભવતુ

પછી ઊભા થઈને ખમાસમણ દેવું-

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં ઈચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ-વિરાહણાએ, ગમણા-ગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા-ઉત્તિંગ પણગદગ-મટ્ટી-મક્કડા સંતાણા સંકમણે, જે મે જીવા, વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટીયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ, વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ધાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ. તાવકાયં, ઠાણેણં, મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

અન્નત્થ કહી એક લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પારી 'નમો અરિહંતાણં' કહી પ્રગટ લોગસ્સ કહેવો.

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે.
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસંપિ કેવલી. ૧
ઉસભ–મજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇંચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ–સિજ્જંસ વાસુપુજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિ–સુવ્વયં નમિજિણં ચ,
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
એવં મએ અભિથુઆ, વિહુય–રયમલા પહીણ જરમરણા,
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫
કિત્તિય વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર–મુત્તમં દિંતુ. ૬
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭

પછી ખમાસમણ–દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તી પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તી–પડિલેહવી. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહું ? ઈચ્છં કહી ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ? ઈચ્છં કહી–બે હાથ જોડી એક નવકાર ગણી પછી ઈચ્છકારિ ભગવન્ ! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી. એમ બોલી–ગુરૂ મહારાજ અથવા વડીલ હોય તો તેમની પાસે કરેમિભંતે ઉચ્ચરે અને તે ન હોય તો કરેમિભંતે સૂત્ર જાતે બોલે.

સર્વ જ્ઞાનાય ભવતુ

## કરેમિભંતે સૂત્ર

કરેમિ ભંતે ! સામાઈઅં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સે ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ? ઈચ્છં કહી પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? ઈચ્છં કહી પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં કહી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્જાય કરું? બે હાથ જોડી ત્રણ નવકાર ગણવા પછી બે ઘડી અર્થાત્ અડતાલીસ ૪૮ મિનિટ સુધી ધર્મધ્યાન કરવું. સમભાવની કરણી કરવી.

## સામાયિક પારવાનો વિધિ

પ્રથમ એક ખમાસમણ દઈને ઈરિયાવહિયં કહેવા. પછી તસ્સઉત્તરી, અન્નત્થ કહી એક લોગ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ (નમો અરિહંતાણં કહીને) પારીને પ્રગટ લોગસ્સ બોલી એક ખમાસમણ દેવું. પછી–ઈચ્છા, સંદિસહ ભગવન્ ! મુહપત્તી પડિલેહું ? ઈચ્છં, કહીને મુહપત્તી પડિલેહવી. પછી એક ખમાસમણ દઈને ઈચ્છા. સંદિસહ ભગવન્ ! સામાયિક પારૂં ? યથાશક્તિ એમ કહી એક ખમાસમણ દઈ ઈચ્છા. સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ! તહત્તિ,

એમ કહી પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નવકાર ગણી ‘સામાઇયવયજુત્તો’ કહેવો.

## સામાયિક પારવાનું સામાઈયવય જુત્તો સૂત્ર

સામાઈઅવય જુત્તો, જાવમણે હોઈ નિયમ સંજુત્તો,
છિન્નઈ અસુહં કમ્મં, સામાઈઅ જત્તિઆવારા ॥૧॥
સામાઈઅંમિઉકએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા,
એએણ કારણેણં, બહુસો સામાઈઅં કુજ્જા ॥૨॥

સામાયિક વિધિએ લીધું, અવિધિએ પાર્યું વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

દશ મનના–દશ–વચનના–બારકાયાના એ બત્રીસ દોષોમાં જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

(સ્થાપનાચાર્ય ન હોય અને સામાયિક લેતાં પુસ્તકની સ્થાપના સ્થાપેલ હોય તો જમણો હાથ સવળો રાખી, એક નવકાર ગણીને તે પુસ્તક લઈને યોગ્ય સ્થાને મૂકવું.)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

## F1૧.૪.૪ પર્વ કોને કહેવાય ? મુખ્ય જૈન પર્વો– અઠ્ઠાઇ પર્વ, નવપદજીની ઓળી (ચૈત્રી–આસોની), દિવાળી પર્વ– મહાવીર નિર્વાણદિન, ચોમાસી ચૌદશની આરાધના.

### પર્વ કોને કહેવાય ?

પર્વ માટે તહેવાર શબ્દ અતિ પ્રચલિત છે. ધાર્મિક તહેવારને જૈન મહાર્ષિઓએ 'પર્વ' એવું વિશિષ્ટ નામ આપ્યું છે.

પર્વ એટલે તપ, ત્યાગ, સંયમ અને આરાધના, જેમાં તપપૂર્વક વિશિષ્ટ જાપ અને ક્રિયાઓ થતી હોય છે તેને પર્વ કહેવામાં આવે છે. જૈન પર્વ એક દિવસનું ,બે દિવસનું અને દિવસો સુધીનું પણ હોય છે.

અઠ્ઠાઈ પર્વ : આઠ દિવસની લગાતાર સામૂહિક જિનભક્તિને અઠ્ઠાઈ મહોત્સવ કહેવાય છે. આવી વર્ષમાં કુલ છ અઠ્ઠાઈ આવે છે. આ મહોત્સવમાં દેરાસરને ધજા–તોરણ અને રોશનીથી શણગારવામાં આવે છે. અને સવારથી રાત સુધી દેરાસરમાં વિવિધ પ્રકારની પૂજાઓ ભણાવાય છે. આ દિવસોમાં ગીત–સંગીત નૃત્ય આદિથી વાતાવરણ ગુંજતું અને ગાજતું રહે છે. પરમાત્માની પ્રતિમાને પણ મનહર અને મનભર 'આંગી' કરવામાં આવે છે.

નવપદજી ની ઓળી : જૈન ધર્મમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ આ નવનું વિશિષ્ટ મહિમાવંતુ સ્થાન છે તેને 'નવપદ' કહેવાય છે. તેનો સમાવેશ સિદ્ધચક્રમા થાય છે. આ નવપદની આગળ આરાધનાના દિવસોને નવપદની ઓળી કહે છે. વરસમાં બે વખત તેવી આરાધના કરવામાં આવે છે. દર વરસે ચૈત્રી સુદ સાતમ થી ચૈત્રી સુદી પૂનમ સુધી અને આસો સુદી સાતમ થી આસો સુદી પૂનમ સુધી એમ નવ દિવસ સુધી તેની આરાધના કરાય છે. તેની આરાધનાના નવે દિવસ સુધી સળંગ 'આયંબિલ' કરવાના હોય છે. અને દરેક દિવસે તે તે પદની પૂજા, જાપ, વંદન વગેરે ક્રિયાઓ કરવાની હોય છે.

દીવાળી : ભગવાન મહાવીર આસો વદી અમાસની મધરાતે હાલના બિહાર રાજ્યના પાવાપુરી ગામમાં નિર્વાણ પામ્યા, ભગવાન આ દિવસે સકલ કર્મથી મુક્ત અને સિદ્ધ થયા.

નિર્વાણના આગલા દિવસે એટલે કે કાળી ચૌદસે ભગવાને આખો દિવસ ધર્મોપદેશ આપ્યો. તેમનો આ અંતિમ ઉપદેશ 'ઉત્તરાધ્યયન'નામના સૂત્રમાં મળે છે. કાળી ચૌદસ અને અમાવાસ્યા આ બે દિવસો દરમ્યાન આ 'સૂત્રનું' વાંચન – શ્રવણ કરવામાં આવે છે. મધ્યરાત્રિએ દેવવંદન (વિશેષ પ્રાર્થના) કરવામાં આવે છે. એવી જ રીતે વહેલી સવારે (કારતક સુદ એકમ ને દિવસે) ગૌતમ સ્વામીનો જાપ, આરાધના તથા દેવ વંદન કરવામાં આવે છે.

નિર્વાણની બીજી સવારે કારતક સુદ એકમના ભગવાનના શિષ્ય ગણધર ગૌતમ સ્વામીને પૂર્ણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. વરસના અંતિમ બે દિવસોએ મહત્વની ઘટનાઓ બની હોવાથી તેની સ્મૃતિમાં ભાવિકો બે દિવસની ઉપવાસ સહ છઠ્ઠની આરાધના કરે છે. નવા વરસના પ્રથમ દિવસે કારતક સુદ એકમના સવારે જૈનો શ્રી ગુરૂભગવંતોના શ્રી મુખેથી માંગલિક સ્તોત્રો અને ગૌતમ સ્વામીના રાસનું શ્રવણ કરે છે.

ચોમાસી ચૌદસ :અષાઢી ચૌદસ પણ કહેવાય છે. અષાઢ સુદ ચૌદસના દિવસે ચાતુર્માસનો પ્રારંભ થાય છે. જૈન સાધુ –સાધ્વીજીઓ આ દિવસથી ચાર મહિનાનો સ્થિરવાસ કરે છે આ દિવસ થી માંડીને કારતક સુદ ચૌદસ સુધી તેઓ ગામ બહાર ક્યાંય જતા નથી, એક જ સ્થાનમાં રહે છે.

આ દિવસથી સ્થાનિક સંઘોમાં સાધુ – સાધ્વીની પુનિત નિશ્રામાં (હાજરી) નિત્ય ધર્મની આરાધના થાય છે. ભાવિકો આ ચાર મહિનામાં વિશેષ તપ ત્યાગ કરે છે. અને ખાસ ચાતુર્માસિક આચાર સંહિતાનું પાલન કરે છે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ